# વાણિજ્યમાં ગણિત વગરની કારકિર્દીનું ગણિત...

ઊઘડતી ક્ષિતિજ
ડો. રેખા મિસ્ત્રી

મિત્રો, પરીક્ષાઓ અને પ્રવેશપરીક્ષાઓ પૂર્ણ થવાને આરે છે ત્યારે આપણે સૌ સમાચાર વાંચીએ છીએ કે ચૂંટણીના લીધે પેપરો તપાસવાનું કાર્ય પૂર્ણતાને આરે અને એપ્રિલ એન્ડ એટલે કે ચૂંટણી શરૂ થાય તે પહેલાં પરિણામો જાહેર કરી દેવામાં આવશે એટલે ફરી વાલી, વિદ્યાર્થીઓની ભાગદોડ ચાલશે. ઉચ્ચ શિક્ષણનાં ક્ષેત્રે કારકિર્દી બનાવવાનાં સ્વપ્નો સાથે પોતાની મર્યાદાઓથી માહિતગાર આજના યુવાન/યુવતીઓ સ્નાતક કક્ષાએ



મળતાં વિકલ્પો વિશે જાણવા ખૂબ જ આતુર હોય છે. ધો.12 પછી વિદ્યાર્થી વાણિજ્ય સિવાય-ગણિત સિવાય આગળ વધવાના વિવિધ વિકલ્પો વિશે વિચારે ત્યારે કારકિર્દી ક્ષેત્રે હજારો નવી ક્ષિતિજો ખૂલતી જ હોય છે. આપણે ગયા અંકમાં કંપની સેક્રેટરી અને ડિજિટલ માર્કેટર વિશે જોયું. આજે અન્ય ક્ષેત્રોની જાણકારી મેળવીએ.

## પ્રોડક્ટ મેનેજર



જેઓ ટેક સેકટરમાં પ્રવેશવામાં રસ ધરાવે છે તેઓ પ્રોડક્ટ મેનેજર બની શકે છે. તેઓ ઉત્પાદનના સમગ્ર જીવનચક્રની દેખરેખ રાખે છે. ઉત્પાદનના વિચાર, વિભાવના, વિકાસ, પ્રમોશન, પ્રકાશન અને પ્રદર્શનને સંભાળે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં પ્રોડક્ટ મેનેજર્સની માંગમાં ઝડપથી વધારો થયો છે. ઉમેદવારો અપગ્રેડના પ્રોડક્ટ મેનેજમેન્ટ સર્ટિફિકેશન કોર્સની પસંદગી કરી શકે છે. આ કોર્સ યુઝર ડિઝાઈન, માર્કેટ રિસર્ચ અને એનાલિટિક્સ, પ્રોડક્ટ પ્લાનિંગ અને ડેવલપમેન્ટ જેવા વિવિધ વિષયો પર ગહન જ્ઞાન પ્રદાન કરે છે. અનુભવ પ્રમાણે પ્રોડક્ટ મેનેજરો વાર્ષિક રૂ. 13 લાખનો સરેરાશ પગાર મેળવે છે માટે ઉત્પાદન વ્યવસ્થાપનમાં વિશિષ્ટ જ્ઞાન અને કુશળતા તમારી ભૂમિકામાં ચાર ચાંદ જરૂરથી જ લગાવશે.

મહત્ત્વની કુશળતા જેવી કે ડેટા અર્થઘટન અને વિશ્લેષણનું મૂળભૂત જ્ઞાન, વ્યૂહાત્મક સંચાલન, વ્યાપાર કૌશલ્ય, સંશોધન કુશળતા વિકસાવવી જરૂરી છે.

## ઈન્વેસ્ટમેન્ટ બેન્કર

ફાઈનાન્સની સ્પર્ધાત્મક દુનિયામાં ઈન્વેસ્ટમેન્ટ બેન્કર એ ખૂબ વળતરવાળી નોકરીનો વિકલ્પ છે. જેમાં હંમેશાં ગણિતની પૃષ્ઠભૂમિની જરૂર હોતી નથી. ક્લાયન્ટસ અને મર્જર અને એક્વિઝિશન માટે મૂડી એકત્ર કરવા જેવી જટિલ નાણાંકીય કામગીરીના સંકલનમાં ઈન્વેસ્ટમેન્ટ બેન્કર્સ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. મજબૂત વિશ્લેષણાત્મક માનસિકતા જરૂરી હોવા છતાં, સારા સંચાર, વ્યૂહાત્મક વિચારસરણી અને બજાર જ્ઞાન પર વધુ ભાર મૂકે છે. બેન્કર્સ જોખમોનું મૂલ્યાંકન કરે છે. ભારતમાં બેન્કર માટે પગારની શ્રેણી વાર્ષિક 5 થી લઈ 15 લાખ પ્રતિવર્ષ હોય છે.




## આંત્રપ્રેન્યોર

ઉદ્યોગ સાહસિક, આ એક આકર્ષક કારકિર્દી છે. આ પાથ ખાસ કરીને એવાં લોકો માટે રચાયેલ છે જેઓ વ્યવસાય પ્રત્યે ઉત્સાહી છે. તમારી જાતની એક સર્જનાત્મક આર્કિટેકટ તરીકે કલ્પના કરવાની છે. સ્વીકૃત વૈજ્ઞાનિક વિચારોના અમલ કરવાના છે. ભારતમાં એક ઉદ્યોગ સાહસિક સામાન્ય રીતે 10.00 લાખથી વધુ વાર્ષિક રૂપિયા કમાય છે. માટે સફરને સ્વીકારો, હાર્ડશેલમાંથી મુક્ત થાઓ અને એવી દુનિયામાં પગ મૂકો જ્યાં વાણિજ્ય અને ઉદ્યોગ સાહસિક નવીનતા ગતિશીલ, પરિપૂર્ણ અને સારી વળતરવાળી કારકિર્દી ભેગા થાય છે.

## હોટલ મેનેજર

આ ઈન્ડસ્ટ્રી એવરગ્રીન ઈન્ડસ્ટ્રી છે, કારકિર્દીનો રસપ્રદ વિકલ્પ છે. હોટલ મેનેજર હોટલની રોજિંદી પ્રવૃત્તિઓની દેખરેખ અને નિયમનનો હવાલો સંભાળે છે, હોટલની તમામ સેવાઓ, જેમ કે ફ્રન્ટ ઓફ હાઉસ, ફુડ સર્વિસ ઓપરેશન્સ અને જાળવણીનું આયોજન, દેખરેખની જવાબદારી નિભાવે છે. આ માટે BHM - હોટલ મેનેજમેન્ટમાં સ્નાતક તથા હોસ્પિટાલિટી, માર્કેટીંગ, અન્ય ક્ષેત્રમાં MBA કરી શકાય. હોટલ મેનેજરનો સરેરાશ પગાર 5-6 લાખ વાર્ષિક હોય શકે છે.

## જર્નાલિસ્ટ



પત્રકારો સંદેશાવ્યવહારના ગુરુઓ કહેવાય છે. જેઓ માહિતી એકઠી કરવા, તેનું મૂલ્યાંકન કરવા તેમ જ વ્યાપક લોકો સમજી શકે તે રીતે તેને પ્રકાશિત કરવાનો હવાલો ધરાવે છે. સામાન્ય રીતે પ્રિન્ટ અને ડિજિટલ મીડિયાના એકમો, TV તેમ જ રેડિયો સ્ટેશન જેવા પ્રસારણમાં કામ કરે છે. આ માટે પત્રકારત્વમાં સ્નાતક ડિગ્રી કે ડિપ્લોમા જરૂરી છે. ભારતમાં પગારધોરણ 4-5 લાખ વાર્ષિક મળી શકે છે.

## લોયર

કાયદાકીય પ્રક્રિયાઓ અને કાર્યવાહીના અભ્યાસક્રમોના સંદર્ભમાં વકીલો તેમના ગ્રાહકો માટે સલાહકારની ભૂમિકા ભજવે છે. તેઓ વિલા કોન્ટ્રાક્ટ અને રિયલ એસ્ટેટ વ્યવહારો જેવા કાનૂની દસ્તાવેજોનો મુસદ્દો તૈયાર કરે છે અને કાનૂની




માર્ગદર્શન અને સલાહ પ્રદાન કરે છે. કાયદાકીય ક્ષેત્રે, ભારતમાં વિદ્યાર્થીઓને ઈન્ટરનેશનલ લો, સાયબર લો, લિટિગેશન, કોર્પોરેટ લો અને ઈન્ટેલેક્ચ્યુઅલ લોમાંથી અન્વેષણ કરવા માટે વિશેષતાઓની ભરપૂર તક આપે છે. આ માટે B.A.LLB/BBA LLB/ B.com LLB અથવા ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ કરવાની જરૂર પડે છે. સરેરાશ વાર્ષિક પગાર આશરે 8-10 લાખ મળી શકે છે.

## ટુરીઝમ એન્ડ ટ્રાવેલ મેનેજમેન્ટ

આ પ્રવાસન- વિશિષ્ટ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ઉદ્યોગ કાર્ય, સાંસ્કૃતિક અને વ્યાવસાયિક વાતાવરણ માટે તૈયાર કરે છે. બિઝનેસ ઓપરેશન્સ અને અન્ય વાણિજ્ય વિષયોની સાથે પ્રવાસન વ્યવસ્થાપન, ગ્રાહક સંભાળ, આંતરરાષ્ટ્રીય મુસાફરી કાયદા અને વૈશ્વિક અર્થતંત્ર પર તેના પ્રભાવ સહિત પ્રવાસનનાં



આર્થિક પાસાંઓમાં કુશળતા તથા જ્ઞાન મેળવવા જરૂરી છે. વાર્ષિક સરેરાશ પગાર 5-6 લાખ વચ્ચે મળી શકે છે.

મિત્રો, આવા તો અન્ય ઘણા કોર્ષ છે જેમાં ગણિત વગર પણ ઉજ્જવળ કારકિર્દી ઘડી શકાય છે. તમારી પાસે યોગ્ય શૈક્ષણિક પ્રદર્શન, સંબંધિત કૌશલ્યો અને અનુભવોનું સંયોજન હોય તો સારા વેતનવાળી નોકરી મેળવવાની તક મળતી રહે છે.